# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-12-2024 Day : Monday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકિલ** વાંચે છે.

---

## નવનિયુક્ત કર્મચારીઓ નિમણુકપત્રો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી 71 હજારથી વધુ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂંકપત્ર એનાયત કર્યા હતા.

આ અંતર્ગત ગાંધીનગરના ચિલોડાના બીએસએફ ખાતે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી માંડવિયાએ સંરક્ષણ હસ્તકના વિભાગોના નિમણૂંક પામેલા યુવાનોને નિમણૂંક પત્ર આપ્યા હતા. રોજગાર મેળાનું આ 14મું સંસ્કરણ હતું.

--------------------------------------------------------------------------------

## PMJAY- નવી માર્ગદર્શિકા

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- PMJAY અંગે આજે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આજે ગાંધીનગર ખાતે રાજ્યના આરોગ્ય મંત્રી રૃષિકેશ પટેલે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, આ યોજના અંતર્ગત મહત્વની અને જેમાં મોટો ખર્ચ થતો હોય તેવા કાર્ડિયોલોજી , કેન્સર, પિડિયાટ્રિક્સ અને ઓર્થોપેડિક્સ જેવી બીમારીઓની સારવારની માર્ગદર્શિકામાં ફેરફાર કરવામાં આવ્યો છે. શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 97 લાખ પરિવારોનાં આશરે બે કરોડ 65 લાખ દર્દીઓએ લાભ લીધો છે. 900થી વધુ ખાનગી અને 1500થી વધુ સરકારી હોસ્પટલોને તેમાં સમાવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે , વર્ષ 2024માં આ માર્ગદર્શિકાનો ભંગ કરનારી 10 હોસ્પિટલો સસ્પેન્ડ કરીને પેનલમાંથી દૂર કરવામાં આવી છે. અને દંડની કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત કેટલાંક ડોક્ટરોને પણ કાયમી ધોરણે દૂર કરવામાં આવ્યા છે.

--------------------------------------------------------------------------------

## અંજાર સ્થાપના દિવસ ઉજવણી

પ્રાચીન સંસ્કૃતિ અને અસ્તિમાની આગવી ઓળખ ધરાવતા કચ્છના ઐતિહાસિક અંજાર શહેરનો 1480મો સ્થાપના દિવસ ઉજવાયો હતો. સવારે શહેરમાં વાજતે ગાજતે શોભાયાત્રા નિકળી હતી. શહેરના પ્રવેશદ્વાર ગંગાનાકા ખાતે ધારાસભ્ય ત્રિકમભાઈ છાગા અને નગરપતિ વૈભવ કોડરાણીના હસ્તે તોરણવિધિ અને ખીલીપૂજન કરાયું હતું. અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાગાએ સમગ્ર અંજારવાસીઓને સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, પૂર્વ કચ્છનું વડુ મથક બનવા ભણી અગ્રેસર અંજાર શહેરમાં કેન્દ્ર અને રાજય સરકારની ગ્રાન્ટમાંથી અનેકવિધ વિકાસકામો થયા છે. આજે ટાઉનહોલ ગ્રાઉન્ડ ખાતે આજે ખેલ મહોત્સવનું આયોજન થયું હતું. શહેરના વિકાસમાં સહભાગી પૂર્વ નગરપતિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવશાળી સિધ્ધિ મેળવનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

---

## ભૂકંપ આંચકો

**કચ્છની સામે પાર પાકિસ્તાનમાં સરહદી વિસ્તારમાં કેન્દ્રબિંદુ ધરાવતો 3.7ની તિવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો** ગાંધીનગર સ્થિત સિસમોલોજી કચેરી ખાતે નોંધાયો હતો. આ આંચકાની અસર કચ્છના સરહદી વિસ્તાર સુધી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. અલબત્ત લખપતથી 76 કિલોમીટર દૂર નોંધાયેલા આંચકાથી સ્થાનિકે કોઈ નુકશાની થઈ નથી.

---

## હવામાન

કચ્છમાં હવામાન વિભાગ તરફથી કમોસમી વરસાદની અગમચેતી જાહેર કરાયા વચ્ચે આજે સતત બીજા દિવસે જિલ્લામાં ધૂમમ્સ જેવો માહોલ છવાયેલો  રહ્યો છે. જિલ્લા મથક ભુજમાં વહેલી સવારે ઝાકળવર્ષા જોવા મળી હતી , જેના કારણે માર્ગો ઉપર દૂરના દ્રષ્યો જોવામાં લોકોને તકલીફ પડી હતી. ધૂમમ્સના માહોલ સાથે ઠંડીનું જોર યથાવત  રહ્યું હતું. કચ્છનું  નલિયા  7.2 ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું શીત મથક  રહ્યું છે.  જ્યારે ભુજનું ન્યૂનતમ તાપમાન  11.2 ડિગ્રી નોંધાયું હતું.

--------------------------------------------------------------------------------

## આઈ ખેડૂતો પોર્ટલ

ભારતરત્ન અને દેશના પૂર્વ  પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીના જન્મદિન નિમિત્તે દર વર્ષે ૨૫ મી ડિસેમ્બરના "સુશાસન દિવસ" ઉજવવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારના નાગરિકોને લઘુત્તમ પ્રયત્નોથી સરકારની સેવા અને યોજનાકીય લાભો મહત્તમ રીતે મળી રહે એ જ સુશાસન છે.  ગુજરાતની આગવી સુશાસનિક વ્યવસ્થાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ આઈ-ખેડૂત પોર્ટલ છે. આઈ-ખેડૂત પોર્ટલ પર અત્યાર સુધી કચ્છ ખેતીવાડી વિભાગને  યોજનાકીય સહાય માટે  કચ્છના ખેડૂતોએ ૫૬ હજારથી વધુ અરજીઓ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,  વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં વિવિધ યોજના હેઠળ થયેલી ૫૬૯૦૪ અરજીઓમાં  ખેડૂતોને કુલ રૂ પિયા ૧૨૬ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે.

--------------------------------------------------------------------------------

## જાહેરનામું

કચ્છ જિલ્લા-ના જાહેર સ્થ-ળોએ વગર પરવાનગીએ ધરણા , રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય , સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા /તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્ય વસ્થાલની પરિસ્થિાતિ જળવાઇ રહે તે હેતુસર જિલ્લા સેવા સદન,ભુજ તથા કચ્છના તમામ તાલુકા મથકે સેવા સદનની બહાર કે અંદર તેમજ પોલીસ મહાનિરીક્ષકની કચેરી ભુજ અને ગાંધીધામ, જાહેર સ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તાહરમાં કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા અંગે મનાઇ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેષ પંડ્યા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. તે સાથે સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓને પ્રવેશવા પર પ્રતિબંધ જાહેર કરાયો છે. તથા સુલેહ શાંતિ જળવાઈ રહે તેના અનુસંધાને હથિયારબંધી લાદવામાં આવી છે.

આ જાહેરનામાનો અમલ ૬ જાન્યુઆરી ૨૦૨૫ સુધી અમલી રહેશે. જાહેરનામાનો ભંગ કે ઉલ્લંરઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશેતેવુ એક યાદીમાં જણાવ્યું છે.

---